# પ્રજાસત્તાક દિવસની શાનદાર ઉજવણી

## અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે ભવ્ય ઝાંખીઓ રજૂ : ભૂટાનના કિંગ મુખ્ય મહેમાન તરીકે હાજર : ભવ્ય પરેડનું આયોજન : રાષ્ટ્રપતિએ તિરંગો લહેરાવી સલામી લીધી

નવી દિલ્હી, તા. ૨૭

દેશભરમાં ગઈકાલે શનિવારે ૬૪માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઐતિહાસિક દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસના પ્રસંગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ તિરંગો ધ્વજ લહેરાયો હતો. આ ગાળા દરમિયાન રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટનગર દિલ્હીના ઐતિહાસિક રાજપથ ઉપર પરેડ દરમિયાન ભારતીય સેનાએ પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું હતું. ભારતના રાષ્ટ્રપતિએ તિરંગો ધ્વજ લહેરાયો હતો અને પરેડની સલામી લીધી હતી. રાજપથ તિરંગાના રંગમાં રંગાઈ જતાં લોકોએ ગર્વ અનુભવ કર્યો હતો. બીજી બાજુ સૈન્ય પરેડ અને સાંસ્કૃતિક વિવિધતાની તાકાતને જોવા માટે ભૂટાનના રાજા મુખ્ય મહેમાન બન્યા હતા. આ વખતે પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ભૂટાનના કિંગ રહ્યા હતા.

પાટનગર દિલ્હીમાં રાજપથ ખાતે ત્રણે સેના, અર્ધલશ્કરીદળો, પોલીસદળ, એનસીસી કેડેટ અને સ્કૂલી બાળકોની પરેડ શાનદાર રહી હતી. બ્રહ્મોસ, અગ્નિ-૫ મિસાઈલ સહિત અતિ આધુનિક મિસાઈલો પણ રજૂ કરવામાં આવી હતી. રંગબેરંગી ઝાકી અને બાળકોના રંગારંગ કાર્યક્રમોએ તમામનું ધ્યાન ખેંચ્યું હતું. રાજપથની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશના અન્ય ભાગોમાં પણ પરંપરાગત રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બિહારમાં રાજ્યપાલ દેવાનંદ કુવરે પટનાના ઐતિહાસિક ગાંધી મેદાન ખાતે રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. અન્ય રાજ્યોમાં પણ આવી સ્થિતિ જોવા મળી હતી.

રાજપથથી ઐતિહાસિક લાલ કિલ્લા સુધી શનિવારે પરંપરા રીતે પ્રજાસત્તાકની પરેડ દરમિયાન જુદા જુદા રાજ્યોની ઝાંખીઓ પણ રજૂ કરવામાં આવી હતી જેમાં સાંસ્કૃતિકના દર્શન થયા હતા. દુનિયામાં સૌથી વધારે સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારતની સાંસ્કૃતિક, કલા, સંગીત અને તહેવારની ઝલક નજરે પડી હતી.



## પાંચમી વનડેમાં ઈંગ્લેન્ડનો સાત વિકેટે સરળ વિજય

### ઈયાન બેલ છવાયો : મેન ઓફ ધ સીરીઝ તરીકે સુરેશ રૈનાની પસંદગી કરાઈ ભારત ૨૨૬ રન બનાવી શક્યું : કોહલી-યુવરાજ ફ્લોપ

ધર્મશાલા, તા. ૨૭

ધર્મશાલા ખાતે રમાયેલી પાંચમી અને અંતિમ વનડે મેચમાં ઈંગ્લેન્ડે આજે ભારત ઉપર સાત વિકેટે જીત મેળવી હતી. આની સાથે જ વનડે શ્રેણીને ૩-૨થી કરીને લીડ ઘટાડવામાં પણ સફળતા મેળવી હતી. જો કે ભારતીય ટીમ પહેલાંથી જ આ શ્રેણી જીતી ચુકી હતી. પરંતુ ઈંગ્લેન્ડે આજની મેચ જીતીને પ્રતિષ્ઠા આંશિક જાળવી હતી. ઈંગ્લેન્ડને જીત અપાવનાર ઈયાન બેલની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. જ્યારે સુરેશ રૈનાની મેન ઓફ ધ સીરીઝ તરીકે પસંદગી કરવામાં આવી હતી. રૈના સમગ્ર શ્રેણીમાં શાનદાર દેખાવ કરવામાં સફળ રહ્યો હતો. ૧૬ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે ઈંગ્લેન્ડે સાત વિકેટે આ મેચ જીતી લીધી હતી. ઈંગ્લેન્ડ તરફથી ઈયાન બેલે અણનમ ૧૧૩ રન ફટકાર્યા હતા. જેમાં ૧૩ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે. મોર્ગને ૪૦ બોલમાં અણનમ ૪૦ રન ફટકાર્યા હતા. જેમાં ત્રણ છગ્ગાનો સમાવેશ થાય છે. રુટ ૩૧ રન બનાવી આઉટ થયો હતો. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો અને આ નિર્ણય બિલકુલ યોગ્ય સાબિત થયો હતો. ઈંગ્લેન્ડના બોલરો શરૂઆતમાં ભારતને એક પછી એક ફટકો આપવામાં સફળ રહ્યા હતા અને સમગ્ર ભારતીય ટીમ ૪૯.૪ ઓવરમાં ૨૨૬ રન બનાવી ઓલ આઉટ થઈ ગઈ હતી.

ઈંગ્લેન્ડ તરફથી બ્રેસ્નને ૪૫ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. ફીન અને ટ્રેડવેલે ૨-૨ વિકેટ ઝડપી હતી. ભારત તરફથી રૈનાએ સૌથી વધુ ૮૩ રન બનાવ્યા હતા. જેમાં ૮ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે.



## ભવ્ય ઉજવણીની સાથે સાથે

દેશભરમાં ગઈકાલે શનિવારે ૬૪માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઐતિહાસિક દિલ્હીમાં દેશની લશ્કરી તાકાતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દેશની જુદી જુદી સંસ્કૃતિના દર્શન પણ થયા હતા. પ્રજાસત્તાક દિવસની ઉજવણીની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- રાજપથથી ઐતિહાસિક લાલ કિલ્લા સુધી ભવ્ય પરેડનું આયોજન
- પરેડ દરમિયાન જુદી જુદી ઝાંખીઓ પણ રજૂ કરવામાં આવી
- પંરપરાગત ઝાંકીઓમાં દેશની સંસ્કૃતિ, કલા, સંગીત અને તહેવારના દર્શન થયા
- પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભૂટાનના મહારાજા મુખ્ય મહેમાન
- ૬૪માં પ્રજાસત્તાક દિવસે રંગારંગ કાર્યક્રમથી લોકો ભારે ઉત્સાહિત
- ભારતીય સેનાએ તેની તાકાતનું પ્રદર્શન કર્યું
- ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ તિરંગો લહેરાવ્યો અને પરેડની સલામી લીધી
- આ વખતે પરેડમાં જુદા જુદા રાજ્યો અને કેન્દ્રીય મંત્રાલયની ઝાંકીઓ રજૂ કરાઈ
- દિલ્હીની સ્કુલના બાળકો પણ જોડાયા
- બાઈક ઉપર સૈનાના જવાનોએ દિલધડક સ્ટન્ટ કરીને લોકોને ચોંકાવી દીધા
- પરેડ દરમિયાન અગ્નિ-૫ મિસાઈલ રજૂ કરાઈ
- વિમાનોએ પણ આકાશમાં દિલધડક પ્રદર્શન કરીને ઉપસ્થિત લોકોના જીવ ઊંચા કરી દીધા
- ધ્વજવંદન બાદ ૨૧ તોપોની સલામી અપાઈ
- આકાશમાંથી એમઆઈ હેલિકોપ્ટનરો છવાઈ ગયા
- ભારતીય સેનાના ટી-૭૨ ટેક, બહુહેતુવાળી રોકેટ સિસ્ટમ પણ રજૂ કરતા લોકો ગર્વથી રોમાંચિત થયા
- પાંચ જગુઆર, પાંચ મિગ-૨૯ યુદ્ધ વિમાનોએ પ્રજાસત્તાક દિવસનો જયઘોષ કર્યો
- એસુ-૩૦ વિમાન પણ ફ્લાઈપાસ્ટનો હિસ્સો બન્યા
- પ્રજાસ્તાક દિવસની ઉજવણીની પુર્ણાહુતિ રાષ્ટ્ર ગીત સાથે કરાઈ
- વડાપ્રધાન મનમોહનસિંહે અમર જવાન જ્યોતિ ઉપર જઈને શ્રદ્ધાંજલિ આપી
- ઉપરાષ્ટ્રપતિ હમીદ અનસારી, સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોની, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને અન્ય નેતા ઉપસ્થિત રહ્યા
- ઐતિહાસિક રાજપથથી લઈને લાલકિલ્લા સુધી ૧૫૦ સીસી ટીવી કેમેરા લગાવાયા

## રાજધાની-શતાબ્દીના ભાડામાં ટૂંકમાં જ ૨૦ રૂપિયાનો વધારો

### સોફ્ટવેર અપડેટ કરવાની તૈયારી ટ્રેનોમાં ઉપલબ્ધ ચીજવસ્તુઓની ગુણવત્તા પણ સુધારાશે

નવી દિલ્હી,તા. ૨૭

ટ્રેન સેવાને તાજેતરમાં જ મોંઘી બનાવવામાં આવી હતી. હવે ચોક્કસ ટ્રેનોમાં ફરીવાર જંગી વધારો ઝીંકવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. અગ્રણી ટ્રેનોમાં વધારો ૨૦ રૂપિયાની આસપાસ રહે તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ રેલવે રાજધાની, ડ્યુરેન્ટો અને શતાબ્દી ટ્રેનો માટેના ભાડામાં વધુ વધારો કરવા તૈયારી કરી ચૂકી છે. આ નિર્ણય સાથે સંબંધિત મામલામાં સામેલ રહેલા રેલવેના એક ટોચના અધિકારીએ કહ્યું છે કે રાજધાની, શતાબ્દી અને ડુરેન્ટોના યાત્રીઓને ટૂંક સમયમાં જ ૧૫થી ૨૦ રૂપિયા વધારે ચૂકવવા પડશે. અગ્રણી ટ્રેનોના કેટરીંગ ચાર્જમાં વધારો કરવામાં આવ્યા બાદ હવે ભાડામાં પણ વધારો કરવામાં આવનાર છે. ટૂંક સમયમાં જ આ સુધારાની જાહેરાત કરવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા મુજબ શોફ્ટવેર અપડેટ કરી દેવામાં આવ્યા બાદ આની જાહેરાત કરવામાં આવશે. એક વખતે સુધારાની જાહેરાત થઈ ગયા બાદ અગ્રણી ટ્રેનોના ભાડામાં પણ બીજી વખત વધારો જાહેર કરાશે. ૨૨મી જાન્યુઆરીના દિવસે ટ્રેનના ભાડામાં વધારો ઝીંકવામાં આવ્યો હતો. મેલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં ૧૦ વર્ષના લાંબાગાળા બાદ ગયા મહિને યાત્રી ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો. જો કે ભાડામાં રાજધાની, શતાબ્દી અને ડ્યુરેન્ટો ટ્રેનોની કેટરીંગ સેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. અગ્રણી ટ્રેનોમાં યાત્રીઓને ભોજન અને સ્નેકસની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે જેના માટે ચાર્જનો ટિકિટની કિંમતમાં સમાવેશ કરવામાં આવે છે. રેલવે મંત્રાલયે ટેરિફમાં સુધારા અને મેલ અને એક્સપ્રેસ ટ્રેનો તેમજ અગ્રણી ટ્રેનોમાં ભોજનના ધારાધોરણની સમીક્ષા કરવા એક સમીતિની રચના કરી હતી. કમીટિએ રેલવે બોર્ડ પાસેથી સૂચન મેળવ્યા બાદ ઘણા પાસાંમાં ચકાસણી કરી હતી. રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવે દ્વારા તમામ ટ્રેનોમાં કેટરીંગ સર્વિસમાં સુધારો કરવા શ્રેણીબદ્ધ પગલાંઓ જાહેર કર્યા હતા.



## ગડકરીના નિવેદનથી આઈટી નારાજ : માફી માંગવાની માંગ

### સ્વતંત્ર તપાસને રોકવાના હેતુથી નિવેદન કરાયું : ગડકરીની સાથે સંબંધિત પુર્તિ ગ્રુપમાં તપાસ કરી રહેલા બધા અધિકારીઓ માટે સુરક્ષાની જોરદાર માંગણી કરાઈ

નવી દિલ્હી,તા. ૨૭

આવકવેરા વિભાગના અધિકારીઓને ખુલી ધમકી આપવા બદલ ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ નિતીન ગડકરી માંફી માંગે તેવી માંગ કરતા આવકવેરા વિભાગના અધિકારીઓએ આ અંગે નારાજગી પણ વ્યક્ત કરી છે. તેમની સર્વોચ્ચ સંસ્થાએ આજે દાવો કર્યો હતો કે ગડકરી સાથે સંબંધિત પુર્તિ ગ્રુપમાં કરવામાં આવી રહેલી તેમની તપાસમાં અડચણો ઉભી કરવાના પ્રયાસો ગડકરી દ્વારા કરવામાં આવી રહ્યા છે. સમગ્ર મામલામાં તપાસ કરી રહેલા અધિકારીઓની સુરક્ષામાં વધારો કરવાની માંગ પણ સંસ્થા દ્વારા કરવામાં આવી છે. તેના ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે ઓલ ઈન્ડિયા બોડીએ તેમના નિવેદનની ગંભીર નોંધ લીધી છે. ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે નિતિન ગડકરી દ્વારા આપવામાં આવેલી ધમકી દેશના જાણીતા અખબારોમાં પ્રકાશિત કરવામાં આવી હતી અને સંસ્થાએ આની નોંધ લીધી છે. ચોક્કસ કંપનીઓ દ્વારા કરચોરીના શંકાસ્પદ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. એક રાષ્ટ્રીય સ્તરના ટોચના નેતા દ્વારા જે પ્રકારની ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે બાબતની એસોસિએશને નોંધ લીધી છે. હવે સંસ્થા દ્વારા બિનશરતી માંફીની માંગ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈઆરએસ પાસે ૪૦૦૦ સભ્યો છે. ટેક્સ વિભાગના છત્ર હેઠળ દેશમાં આ અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે.

## ભારત-પાક વેપાર,બસ સેવા આજથી શરૂ થાય તેવી સંભાવના

### હાલમાં તંગદીલી ઘટી ગયા બાદ સંબંધ સામાન્ય : ભારતના ૬૪માં પ્રજાસત્તાક દિવસે અંકુશ રેખા પર બન્ને દેશોના જવાનોએ મિઠાઈની આપ લે કર્યા બાદ નવી આશા

જમ્મુ,તા. ૨૭

જમ્મુ કાશ્મીરના બન્ને બાજુએ અંકુશ રેખા પર વેપારી કારોબાર ફરી શરૂ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સરહદપાર વેપાર ફરી શરૂ થવાથી બન્ને દેશોને મોટો ફાયદો છે. પ્રવાસની પણ ફરી શરૂઆત થઈ શકે છે. નાગરિક વહીવટીતંત્રના એક અધિકારીએ કહ્યું હતું કે તંગદીલી સરહદ પર હળવી થઈ છે. આવતીકાલે સોમવારથી કારોબાર ફરી શરૂ થવાની શક્યતા દેખાઈ રહી છે. ભારતના ૬૪માં પ્રજાસત્તાક દિવસના પ્રસંગે શુભેચ્છાના ભાગરૂપે ગઈકાલે અંકુશ રેખા પર ભારત અને પાકિસ્તાનના જવાનોએ એકબીજાને મિઠાઈ આપ્યા બાદ ટેન્શનમાં ઘટાડો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઠમી જાન્યુઆરીના દિવસે પાકિસ્તાની સૈનિકો દ્વારા બે ભારતીય જવાનોની ખુબક્રુરતાપૂર્વક હત્યા કરી દીધા બાદ અંકુશ રેખા પર વેપારની પ્રવૃતિ બંધ થઈ ગઈ હતી. વિશ્વાસ નિર્માણના સૌથી મોટા પગલા તરીકે આને જોવામાં આવે છે. કાશ્મીરના પૂંચ જિલ્લામાં અંકુશ રેખા ખાતે ચાકન-દા બાગ ખાતે ગેટ ખોલવાનો ઈન્કાર કરી દીધો હતો. ભારત-પાકિસ્તાન વચ્ચે તાજેતરમાં ખુબ તંગ સંબંધ થઈ ગયા હતા. આઠમી જાન્યુઆરીના બનાવ બાદ સરહદ પર વિસ્ફોટક સ્થિતી ઉભી થઈ ગઈ હતી. બે જુદા જુદા દિવસે બે પાકિસ્તાની જવાનોની હત્યા કરવાનો સીધો આક્ષેપ કરવામાં આવ્યો હતો. સ્થિતી વિસ્ફોટક બની ગયા બાદ વડાપ્રધાન મનમોહનસિંહે જાહેરાત કરી હતી કે પાકિસ્તાન સાથે કારોબારને આવી સ્થિતીમાં આગળ વધારવાની બાબત મુશ્કેલરૂપ છે.

## સમાચાર ઝલક

- રાજસ્થાનમાં સાહિત્ય પરિષદ સભામાં સાહિત્યકાર આશિષ નંદીનું વિવાદાસ્પદ ભાષણ, ધરપકડ થવાની દહેશત.
- કારગીલ યુધ્ધ વખતે પાકિસ્તાન પ્રમુખ મુશર્રફે ખાટો માહિતી રજૂ કરી હતી.
- આજે પોષી પુનમે મહાકુંભ મેળામાં સ્નાનનો અનેરો મહિમા, અંબાજીમાં અંબા પ્રાગટ્યદિન ઉજવાયો.
- અફઘાનિસ્તાનમાં આત્માઘાતી બળવાખોરોથી ૧૦ પોલીસ જવાનોનાં મોત.
- મોડાસામાં સ્વાઇન ફ્લૂથી મુસ્લિમ યુવતીનું મોત.
- સિમલામાં હિમવર્ષાથી હજુ પણ જીવન અસ્તાવ્યસ્ત, જીવન જરૂરી ચીજ-વસ્તુઓની તંગી.
- ઇજિપ્તમાં હિંસા ભડકી ઉઠતાં ૩૦નાં વ્યક્તિઓનાં મોત.
- અમદાવાદમાં યોજાયેલી સાયકલ મેરેથોન દોડથી અનેક લોકો મુશ્કેલીમાં મુકાયા.
- નાઇજીરીયામાં તેલ ચોરીમાં ૧૦ ભારતીય લોકોની ધરપકડ.
- દેશભરમાં ડુંગળીના ભાવ વધતાં ગરીબોની કસ્તુરી દુર્લભ બનશે.
- ભારતીય ક્રિકેટમાં ૪,૦૦૦ રન પૂરાં કરતો સૂરેશ રૈના તેરમો ખેલાડી બન્યો.
- ૧૦૦ જેટલી ચોરી કરનાર મહેમદાવાદ નિવાસી શ્યામસુંદર ચોર ઝડપાયો, દિવસ દરમિયાન બપોરે ૧૨ થી ૪માં ચોરી કરતો હતો.
- હૈદરાબાદમાં તેલગાના અલગ રાજ્ય માટે ભારે હંગામો, અનેકની ધરપકડ કરાઇ.
- કચ્છમાં ધરતીકંપના આંચકા અનુભવાયા.

### સમન્વય (પાના નં. ૪ નું ચાલુ)

મને તો તે બંને મારી સાથે હોય તેમાં ડરવા જેવું કશું જ નથી લાગતું. પણ રમા જેને પોતાની અને બાળકોની સહી સલામતી ગણતી હોય તે મારે તેને આપવી જોઈએ. હું તેના પતિ તરીકે આજ્ઞા કરું છું કે તે મારી સાથે રહે પણ તે મેં કદી કર્યું નથી અને કરીશ પણ નહીં. હા તેના જવાથી મારી જિંદગી ઘડીક કડવી થશે. મારી રમા ખાતર મારી શોભનાને જીવનભર દુઃખી કરવાનો મને કોઈ હક નથી. રમા મારી સાથે રહે પણ તે મેં કદી કર્યું નથી અને કરીશ પણ નહીં. હા તેના જવાથી મારી જિંદગી ઘડીક કડવી થશે. મારી રમા ખાતર મારી શોભનાને દુઃખી કરવાનો મને કોઈ હક નથી. રમા મારી સાથે રહે અને શોભના અન્ય મકાનમાં રહે તેની ગોઠવણ પણ રમા આગળ ધરૂં છું. એમ થાય તો મને પૂર્ણ સંતોષ છે. પરંતુ અન્ય સ્ત્રી આવે પછી તે રીતે રહેવામાં રમાને કાંઈ રસ નતી. અમુક સમયે બદલાઈ ગયેલી મારી લાગણી રમાનો જલદ સ્વભાવથી જુદા થવાનું જ પરિણામ આવે.

એક ગૃહસ્થ તરીકે આટલા વિચારો કર્યા પછી મારી રાજાની સ્થિતીની ફરજ તરીકે પણ બે વિચાર કરવાના છે. રાજયમાં કદાચ મોટો ફેરફાર કરવો પડશે. એક બાબત બહુ સપ્ન છે. મેં ઓ તેને પણ ફેંકી દીધી છે. પણ તેમ કરવામાં હું અંતઃકરણનો પ્રતિદ્વનિ મેળવી શક્યો નથી. ત્યાં હ્રદય ચીરાતું હોય તો ચીરીને ફેંકી દેવા પણ મારે તૈયાર રહેવું જોઈએ. એમ મને લાગે છે જે કાળ ખોવા દીધો તેણે આ જબિના ઉત્પન્ન કરી લાગે ચે. અહીં ધર્મ સંકટ છે. અન્યની સ્ત્રીને ઉપાડી જનાર રાજા પ્રજાને કેવી રીતે ન્યાય આપી શકે? મને તેમ કરવાનો શો હક છે? હું નબળો બેદરકાર રાજા છું. મારા રાજયમાં નિત્ય કેટલા અન્યાય થતા હશે? તે પણ કદાચ હું જાણતો નહીં હોઉં એવા મૂર્ખ છું. આમ અત્યંત દુઃખ વચ્ચે તેઓએ શોભના સાથે લગ્ન કર્યા. ૧૯૦૦માં ૨૬ વર્ષના વયે તેમનું નિધન થયું.

## અફઝલ ગુરૂને વહેલી તકે ફાંસી આપવાનીની માંગણી

ભોપાલ,તા. ૨૭

કોંગ્રેસના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહે આજે કહ્યું હતું કે સંસદ પર હુમલા કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા જેને મૃત્યુદંડની સજા કરવામાં આવી છે તે કુખ્યાસ અફઝલ ગુરૂને વહેલી તકે ફાસી આપવાની તરફેણ કરી છે. સિંહે કહ્યું હતું કે તેઓ પહેલાથી માને છે કે રાષ્ટ્રપતિ સમક્ષ પેન્ડિંગ રહેલી દયાની અરજીઓનો વહેલી તકે નિકાલ આવે તે જરૂરી છે. સિંહે કહ્યું હતું કે દયાની અરજીનો નિકાલ લાવવા માટે એક ચોક્કસ સમય મર્યાદા હોવી જોઈએ. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે અફઝલ ગુરૂને વહેલી તકે ફાસી આપી દેવામાં આવે તે જરૂરી છે. હિન્દુ ત્રાસવાદના મામલે કોંગ્રેસ ચિંતન શિબિરમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન સુશીલ કુમાર શિન્દેના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે વડાપ્રધાનને મળવા માટે પહોંચી ગયેલા લોકોએ અનેક મુદ્દે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાનને મળેલા લોકોએ અગાઉ આતંકવાદી કૃત્યોમાં સામેલ રહેલા અને ધરપકડ કરવામાં આવેલા લોકોને છોડી મુકવા માટે રજૂઆત કરી હતી. તેઓએ માફી પણ માંગવી જોઈએ.

### રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

કસ્તુરબા એક માતા હતા. વળી એ ગાંધીજી જેવા વિશ્વ વંદનીય પિતાનાં પુત્રની માતા હતા. હરિલાલ આટલી હદે બગડી ગયો એમાં થોડીક જવાબદારી ગાંધીજીની પણ ગણાય. આખી દુનિયાની ચિંતા કરનારે કયારેય પોતાના ઘર સામે જોવાની તો દરકાર જ ન કરી. હરિલાલ એનાં પોતાના અધિકારથી દુનિયાનો લાંબો સમય યાદ રહી જાય - એવું પાત્ર બની રહ્યો.

કયારેક આખા ઓરડાને અજવાળું તો દીવા તળેજ કાળું ડિબાંગ અંધારૂં રહી જતું હોય છે. એનું હરિલાલ ઉત્તમ ઉદાહરણ છે. એક મા તરીકે કસ્તુરબાને એમનાં વંઠેલા દીકરાની સામે આ પત્રમાં કેવો વાત્સલ્યનો કોરડો વીંઝ્યો છે!

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## પોલીસી રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો થઈ શકે

નવી દિલ્હી,તા. ૨૭

રીઝર્વ બેંક મંગળવારે તેની નાણાંકીય નિતિ સમીક્ષાની જાહેરાત કરનાર છે. આ નિતીમાં તે પોલીસી રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરે તેવી શક્યતા છે. મોટા ભાગના બેંકરો અને વેપારી નિષ્ણાંતો માને છે કે રેટમાં નજીવો ઘટાડો કરવામાં આવી શકે છે. રીઝર્વ બેંક વિકાસની ગતિને વધારવા માટે અનેક નવા પગલાની જાહેરાત પણ કરી શકે છે. સાથે સાથે ફુગાવાને અંકુશમાં લેવા માટે નવી પહેલ કરી શકે છે. બેંકરોએ કહ્યું છે કે વિકાસની ગતિ ધીમી પડી રહી છે અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો છે ત્યારે રેટમાં ઘટાજો કરવામાં આવી શકે છે.

ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસએલ બંસલે કહ્યું છે કે રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે , સાથે સાથે કેશ રીઝર્વ રેશિયોમાં પણ ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે.